# ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ભ) હેઠળનું જાહેરનામુ

નં.ડીએમ/ડીસીએચ/૦૬૧૧/૨૦૨૦
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જામનગર, તા. ૦૬ /૧૧/૨૦૨૦

**–: જાહેરનામું :–**

દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડા (દારૂખાના) થી આગના, અકસ્માતના અને તોફાનોના બનાવો બનવાની શકયતા નકારી શકાય તેમ નથી અને તેથી આવા બનાવો ન બને તે આશયથી તેમજ નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ આદેશ અન્વયે દારૂખાનાના વપરાશ ઉપર નિયંત્રણ મુકવાનું મને ઈષ્ટ જણાય છે અને તેથી હું **રાજેન્દ્ર સરવૈયા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર** આથી ફરમાવુ છું કે, જાહેર જનતાની, જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ભ) હેઠળ મને મળેલ સતાની રૂઈએ જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચેના કૃત્યની મનાઈ રહેશે.:

(૧)

| ફટાકડા/આતશબાજીની વિગત | વિસ્તારની વિગત |
|---|---|
| ૧૨૫ ડેસીબલ (એઆઈ)યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પીકે યુનિટથી અવાજ વધે નહીં તેવા :–<br>(૧) એટમ બોંબ<br>(૨) હવાઈ ચકરી<br>(૩) રામબાણ<br>(૪) રોકેટ<br>(૫) આકાશ તરફ કે અન્ય દિશામાં ઉડતા ફટાકડા તથા આતશબાજી સળગાવીને નાખવાની તથા આતશબાજીનું બલુન | (૧) જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ જાહેર સ્થળો, પેટ્રોલ પંપ, કેરોસીનના ગોડાઉન, વેર હાઉસ, ગીચ રહેણાંક વિસ્તાર, આનંદ પ્રમોદના સ્થળો, જાહેર રસ્તાઓ તથા જે જગ્યાએ તુરંત સળગી ઉઠે તેવા પદાર્થ રાખેલ હોય તેવી જગ્યા, વિસ્તાર તથા આમા જણાવેલ વિસ્તારના ૫૦ મીટરની અંદરનો વિસ્તાર.<br>(૨) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડની રીફાઈનરીનો આજુબાજુનો વિસ્તાર, જામનગર જિલ્લાની હદમાં આવતો નયારા એનર્જી લી.નો વિસ્તાર, સિકકા તથા નાની ખાવડી ગામે આવેલ ટેન્ક ફાર્મ તથા જેટી, કાનાલુસ, નવાગામ, કાના છિકારી, ડેરા છિકારી, રેલ્વે ટર્મીનલ્સનો વિસ્તાર, પડાણા તથા મેઘપર ખાતે આવેલ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનો ટર્મીનલ વિસ્તાર તથા આમા જણાવેલ તમામ વિસ્તારના ૫૦૦ મીટરની અંદરનો વિસ્તાર. |

(૨) નામદાર સુપ્રીમ કોર્ટ તરફથી રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨/૧૯૯૮ માં તા.૧૮/૭/૨૦૦૫ થી થયેલ હુકમ મુજબ એન્વાયરમેન્ટ પ્રોટેકશન રૂલ્સ – ૧૯૮૬ ના રૂલ – ૮૯ ની જોગવાઈઓનું તથા રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ અન્વયેના તા.૨૩/૧૦/૨૦૧૮ના હુકમનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવવામાં આવેલ છે. સદરહુ આદેશ અન્વયે નીચેની બાબતોનું પાલન કરવાનું રહે છે.

૧. ૪ મીટરના વિસ્ફોટ અંતરેથી ૧૨૫ ડેસીબલ (એઆઈ)યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પીકે યુનિટથી અવાજ વધે નહીં તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

૨. ફટાકડાની સરના કિસ્સામાં ઉકત ક્રમ – ૧ માં જણાવેલ અવાજનું પ્રમાણ 5 log 10 (N) db (જયાં N = સરમાં રહેલા ફટાકડાની સંખ્યા રહેશે.) જેટલું ઓછુ રહેવુ જોઈએ.

૩. મિનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટના તા. ૨૨/૧૧/૨૦૦૦ ના સ્થાયી હુકમ નં.૧૦૪૬ (ઈ) થી જાહેર કરાયેલ સાયલન્સ ઝોન કે જેમાં હોસ્પીટલો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મીક સ્થળો તથા સક્ષમ સતાધિકારીએ જાહેર કરેલ હોય તેવા સ્થળોના આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારનો સમાવેશ થાય છે તેવા વિસ્તારોમાં કોઈપણ સમયે ઉપર પેટા ક્રમ – ૧ અને ૨ માં જણાવેલ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

૪. શૈક્ષણીક સંસ્થાઓના વ્યવસ્થાપકોએ, શાળાઓના આચાર્યોએ વિદ્યાર્થીઓને અવાજ અને હવાથી થતી પ્રતિકુળ અસરો અંગે નામદાર સુપ્રીમ કોર્ટના ઉકત આદેશનું પાલન થાય તે માટે ઘટીત પગલા લેવાના રહેશે.

(૩) ઉપર ક્રમ – ૧ માં જણાવેલ કૃત્યોના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ તેમજ ક્રમ – ૨ માં જણાવેલ કૃત્યોના ભંગ બદલ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ અને રૂલ્સ – ૧૯૮૬ હેઠળ સક્ષમ અધિકારીશ્રીએ પગલા લેવાના રહેશે.

આ જાહેરનામું આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને **તા.૦૬/૧૧/૨૦૨૦ ના રોજથી** અમલમાં આવશે અને **તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી** અમલમાં રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકો સહેલાઈથી જોઈ શકે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તેમજ લાઉડ સ્પીકર અને વર્તમાન પત્રો દવારા કરાવવા માટે પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી કાર્યવાહી કરાવવાની રહેશે તથા તે અંગેનુ વ્યવસ્થિત રેકર્ડ તેમની કચેરીમાં રાખવાનું રહેશે.

આજ **તા.૦૬ માહે: નવેમ્બર– ૨૦૨૦** ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યુ.

Office of the District Magistrate, જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો), સત્યમેવ જયતે, ગુજરાત રાજ્ય, Jamnagar District

(રાજેન્દ્ર સરવૈયા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

**નકલ સવિનય રવાના :–**

(૧) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર
(૨) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર
(૩) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (તમામ).........................

**નકલ રવાના :–**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર. (વધારાની ૧૦ નકલો સાથે બહોળી પ્રસિધ્ધી અર્થે)
(૨) કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ
(૫) મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા
(૬) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૩ નકલો સાથે)
...સ્થાનીક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.
(૭) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.
(૮) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
(૯) સિલેકટ ફાઈલે